# સાબરની ધરા પર નર્મદા નીરના વધામણા

## સાબરકાંઠા જિલ્લામાં ૬ થી ૧૫ જુલાઈ દરમિયાન 'મા નર્મદા મહોત્સવ' યોજાશે

હિંમતનગર, તા. ૨૬

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા નર્મદાના ડેમના દરવાજા બંધ કરી ગુજરાતના વિકાસના દ્વાર ખુલ્લા મુક્યા છે ત્યારે સાબરકાંઠાની ધરાને પણ નર્મદાના નીર મળતા હરીયાળી ક્રાંતિ આવી છે. નર્મદાના નીરના વધામણા સાબરકાંઠાવાસીઓ કરે તે માટે 'મા નર્મદા મહોત્સવ' યોજાશે.

તા. ૬ થી ૧૫ જુલાઈ દરમિયાન યોજાનાર 'મા નર્મદા મહોત્સવ'ના આયોજન અંગેની બેઠકમાં વાત કરતા કલેક્ટર પી. સ્વરૂપે જણાવ્યું હતું કે ૧૦ દિવસ યોજાનાર નર્મદા રથ પરીભ્રમણ જિલ્લાના નર્મદાના પાણીનો લાભ મળતા તાલુકાઓમાં યોજાશે જેમાં ઈડર, વડાલી, હિંમતનગર, ખેડબ્રહ્મા, તલોદ અને પ્રાંતિજ તેમજ વિજયનગરના અમુક ગામોનો સમાવેશ થાય છે.

આ રથ દિવસના ૧૩ ગામોનો પરિભ્રમણ કરશે. જેમાં નીરના કળશથી વધામણા બાલિકાઓ દ્વારા કરવામાં આવશે. ઉપરાંત સાંધ્ય જલ આરતી સહિતના કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત સ્વચ્છતા, ગ્રામ સફાઈ, જળ સંચયની કામગીરી અને શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજીને લોકજાગૃતિના કાર્યક્રમો યોજાશે. જ્યારે આ સાથે પ્રજા કલ્યાણને લગતા બ્લડ ડોનેશન કેમ્પ, ચેકઅપ સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાશે. જ્યારે રાત્રિના રોકાણ થનાર ગામોમાં રાસ-ગરબા, ભવાઈ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર વી.એલ. પટેલ, પાણી પુરવઠા, સિંચાઈ, ખેતીવાડી અને આરોગ્ય અને શિક્ષણ ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ડીસામાં રમજાન ઈદની હર્સોલ્લાસ સાથે ઉજવણી

મુસ્લિમ સમાજમાં પવિત્ર ગણાતા રમજાન માસનો અંતિમ રોજો ગઈકાલે પૂર્ણ થયો હતો. મુસ્લિમ બિરાદરોએ રમજાન માસના ૩૦ દિવસ રોજા રાખી અલ્લાહની બંદગી અને નેકી કરી પુણ્યનું ભાથું બાધ્યું હતું. જેમાં આજે સવારે સમગ્ર ડીસા પંથક નાં મુસ્લિમ બિરાદરોએ ગવાડી ખાતે આવેલી ઈદગાહ મિસ્જદમાં ઈદની નમાજ અદા કર્યા બાદ એકબીજાને ગળે મળી ઈદની મુબારક પાઠવી હતી. ઈદ ઉલ ફિત્ર નિમિત્તે મુસ્લિમ વિસ્તારોમાં સર્વત્ર ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

# ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને ગ્રાહકો માટે ચેક એન્ડ વિન ઝૂંબેશ રજૂ કરી

અમદાવાદ, તા. ૨૬

ગ્રાહકો ગુણવત્તા અને કદને જાતે ચકાસી અને પ્રમાણી શકે તે હેતુસર ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.એ આજે અમદાવાદમાં એસોસિએટેડ પેટ્રોલ પંપ પરથી તેની ચેક એન્ડ વિન ઝુંબેશનો શુભારંભ કર્યો હતો. આ ઝુંબેશને સાંસદ કિરીટભાઈ સોલંકીએ ખુલ્લી મુકી હતી.

ઈન્ડિયન ઓઈલનાં રિટેલ પેટ્રોલ પંપો પર ગ્રાહકો પેટ્રોલનો ફિલ્ટર ટેસ્ટ, પેટ્રોલ અને ડિઝલનો ડેન્સીટી ટેસ્ટ તેમજ પાંચ લિટર ક્વોન્ટીટી ટેસ્ટ જાતે કરી શકે છે. સાંસદ કિરીટભાઈ સોલંકીએ પણ ઈન્ડિયન ઓઈલની આ ઝુંબેશને જાતે પ્રમાણીને તેની સચોટતાની ચકાસણી કરી હતી.

આ પ્રસંગે સોલંકીએ જણાવ્યું કે, ચેક એન્ડ વિન ઝુંબેશ પારદર્શિતા સાબિત કરવામાં અને ગ્રાહકોને આત્મવિશ્વાસ જગાવવામાં મદદરૂપ થશે. આ ઝુંબેશ માટે હું આઈઓસી અને તેના પદાધિકારીઓ તેમજ ડિલરોને ખાસ અભિનંદન પાઠવું છું.

# ઊંઝાના ભાંખર ગામે ચાર શખ્સો દ્વારા યુવાન પર હુમલો

ઊંઝા, તા. ૨૬

ઊંઝા નજીકના ભાંખર ગામે એક મુસ્લિમ યુવાન પર ગામના જ ચાર મુસ્લિમ શખ્સોએ ઉશ્કેરાઈ જઈને પથ્થર વડે હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ બનતા પુનઃ તંગદિલી ભર્યુ વાતાવરણ સર્જાયું છે.

વિગત એવી છે કે ઊંઝા નજીકના ભાંખર ગામે સૈયદવાસમાં રહેતા અદનાન આરીફમીયાં સૈયદ ઉ.વ. ૧૭ પોતાની મોટરકાર લઈને ઊંઝા ફ્રુટ લેવા માટે ગયા હતા. જ્યાંથી મોડી સાંજે પરત ભાંખર જઈ રહ્યા હતા ત્યારે ઉગમણાવાસ પાસે ગામના જ એક મુસ્લિમ શખ્સે માર ડાલો કાટ ડાલો તેમ કહીને ઉશ્કેરણી કરતાં અન્ય ત્રણ શખ્સો હાથમાં પથ્થરો લઈ ગાળો બોલતા મોટરકારની પાછળ દોડ્યા હતા. જેથી સ્થિતિને પારખીને યુવાને પોતાની ગાડી વાળી દીધી હતી અને ઝડપથી પોતાના ઘરમા ગયો હતો. આ સમયે ઉશ્કેરાયેલ એક શખ્સ ઘરમાં ઘુસી ગયો હતો અને માથાના ભાગે પથ્થર મારતા યુવાનને ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલ યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. થોડા સમયના વિરામ બાદ ભાંખરમાં પુનઃ હુમલાનો બનાવ બનતાં ભયની લાગણી ફેલાઈ હતી. રમઝાન ઈદના પૂર્વે જ ભાંખરમાં અશાંતિનો માહોલ પેદા થતાં તંગદિલીભરી સ્થિતિ ઉભી થઈ છે.

આ બનાવ અંગે હુમલાનો ભોગ બનેલ યુવાનની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે સૈયદ નજીરમીયાં ફઝુમીયાં, સૈયદ ઈકબાલમીયાં બાબરમીયાં, સૈયદ ફિરોજમીયાં રસુલમીયાં અને સૈયદ અસ્ફાકમીયાં રસુલમીયાં તમામ રહે. ભાંખર વિરુદ્ધ ખુનની કોશિશનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જીએસટી તથા કોન્ટ્રાક્ટરોના વર્ષો જુના પડતર પ્રશ્નો અંગે ૩૦મીએ મહાસંમેલન

અમદાવાદ, તા. ૨૬

૧ જુલાઈથી જીએસટીનો અમલ ચાલુ થવાથી વર્કસ કોન્ટ્રાક્ટ પર ૧૮ ટકા જીએસટી લાગુ થશે. જેથી ચાલુ સરકારી કોન્ટ્રાક્ટર તથા બાંધકામના કામોમાં અંદાજે ૮ થી ૧૨ ટકાનો વધારાનો નાણાં બોજો પડશે. તાજેતરમાં ગુજરાત કોન્ટ્રાક્ટર એસોસીએશનના ઉપક્રમે મળેલ મિટિંગમાં જીએસટીના તથા વર્ષો જુના કોન્ટ્રાક્ટરોના પડતર પ્રશ્નો અંગે ન્યાય મેળવવા માટે સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆત કરવાનુ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

ગુજરાત કોન્ટ્રાક્ટર એસોસીએશનના પ્રમુખ અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે આગામી કાર્યક્રમો નક્કી કરવા આખા ગુજરાતના કોન્ટ્રાક્ટરોનુ મહાસંમેલન તા. ૩૦ જૂન ૨૦૧૭ના રોજ અમદાવાદ મુકામે બોલાવવાનુ ઠરાવવામાં આવેલુ છે. આ સંમેલનમાં ભવિષ્યના કાર્યક્રમોની રણનીતિ નક્કી કરવામાં આવશે. કોન્ટ્રાક્ટરો અને બાંધકામ ઉદ્યોગો સાથે સંકળાયેલા વિવિધ ઉદ્યોગો-વેપાર ધંધા તથા પેય ઉદ્યોગોને ભવિષ્યમાં થનારી અસરો અંગે સરકારને રજૂઆત કરવામાં આવશે. જરૂર પડ્યે કામકાજ સ્થગિત કરીને ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ પ્રગટ કરવામાં આવશે.





### ખેડબ્રહ્મામાં ભગવાનનુ ઉત્સાહભેર સામૈયુ

ખેડબ્રહ્મામાં અષાઢી બીજે રાધાકૃષ્ણ મંદિર પરંપરાગત ૩૦મી રથયાત્રા રવિવારે નીકળી હતી. જેમાં હજારો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. રવિવાર સવારે ૮.૩૦ કલાકે ભગવાન જગન્નાથ, બહેન શુભદ્રા તથા ભાઈ બલરામ સાથે સુંદર રથમાં બિરાજમાન થઈ ભક્તોને દર્શન આપવા માટે નગરની પરિક્રમાએ નિકળ્યા હતા. રથયાત્રા રાધાકૃષ્ણ મંદિરમાંથી નીકળી જુની પોસ્ટ ઓફીસ જૈન દેરાસર, પટેલ ફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેશન, મહાકાળી મંદિર, કાશી વિશ્વનાથ મહાદેવ, માણેકચોક, શ્રીયાદે ચોક, સરદાર ચોક, પેટ્રોલપંપ, વિમલનાથ દેરાસર થઈ હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસસ્થાને પહોંચી હતી. જ્યાં ભગવાનને વિસામો કરવામાં આવ્યો હતો. જ્યાં ભગવાની પૂજા આરતી અને મામેરૂ ભરવામાં આવ્યુ હતુ અને ભક્તોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો. રથયાત્રાના રૂટમાં ભાવિક ભક્તોને વિવિધ મંડળો દ્વારા નાસ્તો, આઈસ્ક્રીમ, ઠંડા પીણા, ચોખ્ખા ઘીનો ડ્રાયફ્રુટ શિરો ભક્તોને પ્રસાદમાં આપવામાં આવ્યો હતો. મંદિર તરફથી રસ્તામાં આવતા ભક્તોને ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. સાંજના સમયે રથયાત્રા મોસાળમાંથી નિકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ સુચાર ફળી થઈ નિજ મંદિર પરત ફરી હતી. રથયાત્રામાં પોલીસ તંત્ર દ્વારા ૧ પીએસઆઈ, ૩૦ પોલીસ તથા ૫૦ હોમગાર્ડ તથા ૧૨ મહિલા પોલીસ દ્વારા બંદોબસ્ત પુરો પાડવામાં આવ્યો હતો.

# મોડાસા સહિત ૧૦૧૩ બુથ પર 'મન કી બાત'નું જાહેર શ્રવણ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિતના ૬ તાલુકા બે શહેરો મળી ૧૦૧૩ બુથ ઉપર વિસ્તારકોની ઉપસ્થિતિમાં આજ રોજ મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું રેડીઓ ઉપરનું વાયુપ્રવચન જે તે બુથના નાગરિકોએ સાંભળ્યું હતું.

ભારતીય જનતા પાર્ટીના અરવલ્લી જિલ્લાના મહામંત્રી શામળભાઈ પટેલે જણાવ્યું કે વિસ્તારક યોજના અંતર્ગત આજે રવિવારે મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાનનું મનકી બાતનું વાયુ પ્રવચન જે તે બુથ ઉપર બુથના કાર્યકર્તા, બુથ પ્રમુખ, મંત્રીઓ, સભ્યો, પેજ પ્રમુખ સહિતના નાગરિક ભાઈબહેનો સાથે જે તે બુથના વિસ્તારકોએ સાંભળ્યું હતું.

જેમાં જિલ્લાના મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં તેમજ મોડાસા અને બાયડના શહેરી વિસ્તારોમાં મળી ૧૦૧૩ બુથ ઉપર નિયુક્ત વિસ્તારકો પોતાના બુથ ઉપર પહોંચી ગયા હતા. જેમાં ખુદ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, પૂર્વ ધારાસભ્યો, જિલ્લાના સંગઠનના ઉપપ્રમુખો, મહામંત્રીઓ, સભ્યો, યુવા મોરચા પ્રમુખ પ્રશાંત પટેલ અને પદાધિકારીઓ, વિપક્ષી નેતા સહિતના કાર્યકરો, ગામેગામના કાર્યકર્તા, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, જે તે તાલુકાના સંગઠન પ્રમુખો, હોદેદારો ઓન વિસ્તારક તરીકેની કામગીરીમાં જોડાયા હતા.



જેમાં આગામી ૩૦મી જૂને મોડાસા આવી રહેલા વડાપ્રધાનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તે માટે લોક સંપર્ક કરવામાં આવ્યો હતો. પ્રભારી હર્ષદગીરી ગોસ્વામીએ વિવિધ બુથના વિસ્તારકોને મળી કામગીરીની સમીક્ષા કરી હતી.

# રાજ્યભરમાં ઈદની ઉત્સાહપૂર્વક ઉજવણી

ગઈકાલે ચાંદ દેખાતા ચાંદ કમીટી દ્વારા સોમવારે ઈદની સત્તાવાર જાહેરાત કરાઈ હતી, જેને પગલે આજે મુસ્લિમ બિરાદરો દ્વારા રમઝાન ઈદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરની ૮૦થી વધુ મસ્જિદોમાં આજે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ-ઉલ-ફિત્ર નિમિતે ઈદની ખાસ નમાઝ પઢવામાં આવી હતી. ઈદની નમાઝ પઢયા બાદ મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ભેટીને ઈદમુબારક કહી તહેવારની શુભેચ્છા પાઠવી હતી. મસ્જિદોમાં ઈદના તહેવાર શાંતિ, સદ્ભાવ અને પરસ્પર ભાઈચારાની ભાવના વધુ મજબૂત બને અને સૌના જીવનમાં સુખ, સમૃધ્ધિ અને શાંતિની વૃધ્ધિ થાય તેવી પ્રાર્થના પણ કરવામાં આવી હતી. વડોદરામાં ગુજરાતના જાણીતા ક્રિકેટર બંધુ યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણે પણ પોતાના પિતા સાથે મસ્જિદમાં જઈ ઈદની નમાઝ પઢી હતી. ગુજરાતના લોકોને ઈદના તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી અને શાંતિ અને સદ્ભાવનાની ભાવના જીવનમાં ઉતારવા અપીલ કરી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના મહાનુભાવોએ પણ રાજયના મુસ્લિમ સમાજને ઈદ-ઉલ-ફિત્રની શુભકામનાઓ પાઠવી હતી. રમઝાન મહિનો પૂરો થયા બાદ ઈદની ઉજવણી કરવામાં આવતી હોય છે. ગઈકાલે ચાંદ દેખાયા બાદ સોમવારે ઈદની ઉજવણી અંગેની જાહેરાત કરાઈ હતી. જેના અનુસંધાનમાં મુસ્લિમ બિરાદરોમાં રાતથી જ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળતો હતો.

### ચીને અટકાવ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય શ્રદ્ધાળુઓને ૧૯મી જૂનના દિવસે ચીનના વિસ્તારમાં પ્રવેશ કરવાની જરૂર હતી પરંતુ ખરાબ હવામાન અને વરસાદના કારણે આ બાબત શક્ય બની ન હતી. આધાર કેમ્પોને તમામને રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૩મી જૂનના દિવસે ફરીવાર ભારતીય શ્રદ્ધાળુઓએ જવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ચીનના અધિકારીઓએ મંજુરી આપી ન હતી. બીજી બાજુ નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગોપાલ બાગલેએ કહ્યું છે કે, નાથુલા પાસ મારફતે યાત્રાના શ્રદ્ધાળુઓને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ભારત આ મુદ્દાને ટૂંકમાં જ ચીન સમક્ષ ઉઠાવશે. ચીનના અધિકારીઓનું કહેવું છે કે, રસ્તા ખરાબ હોવાથી થોડાક વધુ સમય લાગી શકે છે. ભારતીય શ્રદ્ધાળુ યાત્રા પર ટૂંકમાં આગળ વધી શક્યા નથી અને હજુ પણ સમય લાગી શકે છે. આવી સ્થિતિમાં વાર્ષિક યાત્રા ઉપર અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ ગયા છે. ચીનના અધિકારીઓનું કહેવું છે કે, તેમને ભારતીય શ્રદ્ધાળુઓની સુરક્ષાની ચિંતા છે જેથી તેમને રોકી દેવામાં આવ્યા છે.

### પોઝીટીવ કેસ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્લાન્ટ લગાડવા માટે તાકીદ કરાઈ છે અને આજે આરોગ્ય તંત્રના અધિકારીઓની હાજરીમાં તે પ્લાન્ટ લગાડી દેવાયો છે. જે લિકેજીસ મળ્યા હતા તે રાત સુધીમાં રિપેરીંગ થઈ જશે તેમ આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આરોગ્યતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે આગામી એક-બે દિવસમાં જ પરિસ્થિતિ સામાન્ય બની જશે.જિલ્લામાં નારદીપુર, બહિયલ બાદ કોલવડામાંથી કોલેરાના કેસો મળી આવ્યા છે આ ઉપરાંત છુટા છવાયા કેસો પણ આ સિઝનમાં મળી આવ્યા છે.

પાણીજન્ય રોગચાળાને જિલ્લામાં જે રીતે માથુ ઉંચક્યુ છે તે જોતાં તાકીદે જિલ્લા માટે અલાયદો એક્શન પ્લાન તૈયાર કરવાની દિશામાં તંત્ર કાર્યવાહી કરશે તેમ મનાઈ રહ્યું છે.

દરમ્યાન બહિયલમાં પરિસ્થિતિ પૂર્વવત બની રહી હોવાનુ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે અને ખૂબજ ઝડપથી કોલવડામાં પણ પરિસ્થિતિ પૂર્વવત બની જશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### નર્મદાના નીર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો હતો. વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર તેમજ ગુડાના ચેરમેન આશિષ દવેના હસ્તે આજે પાણીનો સપ્લાય આપવાની શરૂઆત કરવામાં આવી હતી. શિવાલય રેસીડન્સી ખાતે નર્મદાના નીર નળમાં વહેતા થયા હતા. આજે રાયસણ અને કુડાસણ વિસ્તારના ૧ હજાર જેટલા મકાનોમાં નર્મદાના પાણીનો સપ્લાય શરૂ કરવામાં આવ્યો હતો. રોજ ૧૦ લાખ લીટર પાણી સપ્લાય કરાશે. જયારે ટુંકમાં ૪ હજાર જેટલા મકાનોમાં પાણીના સપ્લાય માટે જોડાણ પણ આપી દેવાશે. આ તબક્કે ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ કે આગામી દિવસોમાં આ વિસ્તારમાં એક કરોડ લીટર જેટલો પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવશે. તેમણે મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલનો આભાર વ્યક્ત કરતા જણાંવ્યુ હતુ કે સરકાર દ્વારા પુરતા પ્રમાણમાં પાણીના કામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવતા યોગ્ય સમયે કામ પુર્ણ થયુ છે. પાણી સપ્લાયના શુભારંભ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા, તાલુકા ડેલીગેટ રાજુ પટેલ, કુડાસણના સરપંચ અંબાલાલ પટેલ, સહીતના આગેવાનો હાજર રહયા હતા.

### દિલ્હી જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમર્થન પત્ર ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠક માટે કોંગ્રેસના ધારાસભ્યોને વ્હીપ આપવામાં આવ્યો હોવાનુ જાણવા મળે છે.

આ બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મીરાકુમારને સમર્થન આપવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૫ થી વધુ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૨૮મીએ અમે પ્રદેશના આગેવાનો દિલ્હી જઈશુ.

### ૨૪ કલાકમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસે તેવી આશ પ્રબળ બની છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૮.૫ મી મી વરસાદ નોંધાયો છે. જયારે અત્યારસુધી સિઝનનો વરસાદ ૫૦ મી મી નોંધાયો છે. શહેરમાં સિઝનનો વરસાદ બે ઈંચ થયો છે. વરસાદી વાયરાથી વાતાવરણમાં અંશતઃ ઠંડક પ્રવર્તી છે. પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધુ રહેતા નગરજનો હજુ ઉકળાટ અનુભવી રહયા છે. આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૫ ડી ગ્રી તેમજ મહત્તમ તાપમાન ૩૫ ડી ગ્રી રહયુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૦ ડી ગ્રીનો તફાવત નોંધાયો છે. ત્યારે વાદળિયા વાતાવરણ વચ્ચે આકરા તાપમાં રાહત અનુભવતા નગરજનોને હજુ બફારાના લીધે પરેશાન છે.

### કોઈ દાગ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન ન હતા તે વખતે આશરે ૩૦ જેટલા અમેરિકી પ્રાંતોમાં મુસાફરી કરી હતી. કોઈને કોઈ રીતે તમામને મળવાની તક મળતી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે અમેરિકાના કાર્યક્રમની ગૂંચ સમગ્ર વિશ્વમાં સાંભળવા મળે છે. ભારતમાં જ્યારે કોઈ સારી બાબત થાય છે ત્યારે અમેરિકામા ભારતીય લોકો ખુશ થાય છે. કોઈ મુશ્કેલ સર્જાય છે તો અમેરિકામાં રહેતા ભારતીય લોકો દુખી થાય છે. તેમણે કહ્યુ છે કે સર્જિકલ સ્ટ્રાઈક એક એવી ઘટના હતી જેને લઈને જો દુનિયા ઈચ્છતી તો ભારત સામે ઘણા પ્રશ્ન કર્યા હોત. પરંતુ દુનિયાએ ભારતની આટલી મોટી કાર્યવાહીને લઈન કોઈ પ્રશ્ન કર્યા ન હતા. જો કોઈએ વિદેશથી ટ્વિટ કરીને મદદ માંગી છે તો વિદેશમંત્રીએ માત્ર ૧૫ મિનિટમાં જવાબો આપ્યા છે. અને ૨૪ કલાકની અંદર સરકાર હરકતમાં આવી ગઈ છે. પહેલા સાફ સફાઈને લઈને ભારતની ટિકાટિપ્પણી થતી હતી પરંતુ આજે સ્વચ્છતા કાર્યક્રમને લઈ ભારતની દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમેરિકામાં રહેતા ભારતીયો હવે સરકાર ઉપર ગર્વ કરી રહ્યા છે. કારણ કે તમામ ક્ષેત્રોમાં ઉલ્લેખનીય કામગીરી હાલના વર્ષોમાં થઈ રહી છે.

### તિરાડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઝાદના કહેવા મુજબ જે લોકોને કેટલાક સિદ્ધાંતોમાં વિશ્વાસ છે તેઓ અનેક નિર્ણયો લેતા હોય છે. ગુલામ નબીએ કહ્યું હતું કે, નીતિશ એવી પહેલી વ્યક્તિ છે જે વ્યક્તિએ બિહારની દલીતપુત્રી મીરા કુમારને હરાવવાનો નિર્ણય કર્યો છે. વિપક્ષ તરફથી પૂર્વ લોકસભા સ્પીકર મીરા કુમારને રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ઉમેદવાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નીતિશે કહ્યું હતું કે, વિપક્ષી ગઠબંધને બિહારની પુત્રીને હરાવવા માટે મેદાનમાં ઉતારી છે. બિહારના મહાગઠબંધનમાં તિરાડની સ્થિતિ જોવા મળી રહી છે. નીતિશના કોવિંદને ટેકો આપવાના નિર્ણયના લીધે જેડીયુ અને આરજેડીમાં શાબ્દિક યુદ્ધની સ્થિતિ છેડાઈ ગઈ છે. બંને પાર્ટીઓના નેતા એકબીજા ઉપર ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. લાલૂ યાદવના પુત્ર પણ પાછળ નથી. નીતિશકુમારે મીરા કુમારને ઉમેદવાર બનાવવાને લઈને હારવાની રણનીતિ ગણાવી હતી. કોવિંદ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીતવાની સ્થિતિમાં છે. કારણ કે, બિન એનડીએ સાથી પક્ષો પણ કોવિંદને ટેકો આપવા આગળ આવી રહ્યા છે. એનડીએ ઉમેદવાર કોવિંદ ૨૮મી જૂનના દિવસે રાષ્ટ્રપતિ ચૂંટણી માટે પ્રચારને લઈને શ્રીનગર જશે. કોવિંદની સાથે કેન્દ્રીયમંત્રી વેંકૈયા નાયડુ, જીતેન્દ્રસિંહ, ભાજપના સચિવ રામમાધવ પણ રહેશે. કોવિંદ અહીં ભાજપ ઉપરાંત પીડીપીના સભ્યોને મળીને તેમના સમર્થનની માંગ કરશે. આ અગાઉ રવિવારના દિવસે કોવિંદે ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળીને સમર્થનની માંગ કરી હતી. ૨૮મી જૂનના દિવસે રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારીપત્ર દાખલ કરવાની અંતિમ તારીખ છે. ૨૭મી જુલાઈના દિવસે ચૂંટણી ખતમ થઈ જશે. રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને હાલમાં દેશમાં રાજકીય ગરમી છે. ભાજપ પ્રમુખ અમિત શાહે વ્યાપક ચર્ચા કર્યા બાદ મહાદલિત નેતા રામનાથ કોવિંદને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવાનો નિર્ણય કર્યો હતો.

### ભારતની જીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી વિકેટની ભાગીદારીમાં ૯૭ રન ઉમેર્યા હતા. રહાણેએ તેની વનડે કેરિયરની ત્રીજી સદી ફટકારી હતી. જો કે સદી પૂર્ણ કર્યા બાદ તે કમિન્સના બોલ પર બોલ્ડ થયો હતો. રહાણે બાદ આવેલા હાર્દિક પાંડ્યા માત્ર ચાર રન કરીને આઉટ થયો હતો. કોહલીએ ૮૭ રન કર્યા હતા. જેમાં ચોર ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમ ક્યારેય જીતની સ્થિતીમાં દેખાઈ ન હતી. વિન્ડીઝની ટીમના બેટ્સમેનો ભારતીય બોલરોની સામે ટકી શક્યા ન હતા. તેમના બેટ્સમેનો નિયમિત રીતે આઉટ થયા હતા. એકમાત્ર હોપ શાનદાર બેટિંગ કરી શક્યો હતો. જો કે જંગી જુમલાના કારણે વિન્ડીઝની ટીમ દબાણમાં દેખાઈ હતી. અંતેમાં તેની હાર થઈ હતી. પાંચ વનડે મેચોની શ્રેણીમાં ભારતે હવે ૧-૦ની લીડ મેળવી લીધી છે. ૨૩મી જુનના દિવસે રમાયેલી પ્રથમ મેચ વરસાદના કારણે પરિણામ વગર જાહેર કરાઈ હતી. હવે ત્રીજી વનડે મેચ ૩૦મી જુને એન્ટિગુઆ ખાતે રમાશે.